## ચિરંજીવી યોજના

રાજ્યમાં માતા અને બાળમૃત્યુ દર ઘટાડવા માટે ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબો તેમ જ આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગોની મહિલાઓને સલામત માતૃત્વ સેવાઓ પૂરી પાડવા માટે ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાતોની સેવા અને સુવિધાઓ મળી રહે તે માટે વર્ષ ૨૦૦૫થી આ યોજના અમલી બનાવવામાં આવેલ છે. યોજના અંતર્ગત મહિલાને પ્રસૂતિ, દવાઓ, લેબોરેટરી તપાસ, ઓપરેશન વગેરે સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. સગર્ભાને સારવાર માટે લાવનારને પ્રોત્સાહક રકમ તરીકે રૂ. ૫૦ અને વાહનવ્યવહાર ખર્ચના રૂ. ૨૦૦ આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂ.૪૫૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં કુલ ૭૮૨ સ્ત્રી રોગ નિષ્ણાતોને આ યોજનામાં જોડવામાં આવેલ છે, જે દ્વારા હાલ સુધીમાં કુલ ૪.૩૦ લાખ પ્રસૂતાઓને પ્રસૂતીનો લાભ આપવામાં આવેલ છે.**

**સંપર્ક : નજીકનું પ્રાથમિક / સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર)**

## માતા યશોદા ભવિષ્ય નિધિ

આ યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે ભારતીય જીવન વીમા નિગમના સહયોગથી વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત જો આંગણવાડી કાર્યકર કે તેડાગર બહેનનું ચાલુ ફરજે અવસાન થાય તો તેઓના ખાતાની જમા રકમની ૮ ટકા વ્યાજ સહિત રૂ.૫૦૦૦૦ વીમાની રકમ મળવાપાત્ર થશે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ.૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં ૭૭૮૨૫ આંગણવાડી કાર્યકરો અને તેડાગરોને આવરી લેવામાં આવેલ.**

**સંપર્ક : ચીફ ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર (સીડીપીઓ), આઈસીડીએસ (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**

## કુંવરબાઈનું મામેરું

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિચરતી અને વિમુકત જાતિનાં કુટુંબો કે જેની વાર્ષિક આવક મર્યાદા રૂ.૧૧૦૦૦ છે તેઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત કન્યાના લગ્ન સમયે કુલ રૂ.૫૦૦૦ની સહાય આપવામાં આવે છે, જેમાં રૂ.૨૦૦૦ કન્યાના વાલીને તથા રૂ.૩૦૦૦ના કિસાન વિકાસપત્રો કન્યાને આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ રૂ.૮૧૭.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૯૧૬૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ.**

**સંપર્ક : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, વિકસતી જાતિ અને વિમુકત જાતિ**

**(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર)**

## કિશોરી શક્તિ યોજના

આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોની ૧૧થી ૧૮ વર્ષની કિશોરીઓને આંગણવાડી કેન્દ્રો દ્વારા અક્ષરજ્ઞાન આપવામાં આવે છે. સાથે સાથે માતૃત્વ, બાળ ઉછેર, અંગત સ્વચ્છતા અને વ્યવસાયિક ક્ષમતાઓના વિકાસલક્ષી તાલીમો આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ. ૨૮.૬૦ લાખની જોગવાઈ સૂચવાઈ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૩.૨૪ લાખ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ.**

**સંપર્ક : નજીકનું આંગણવાડી કેન્દ્ર (મહિલા બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**

## સાત ફેરા સમૂહ લગ્ન / માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના

રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિકસતી જાતિના લોકોમાં સામાજિક સુધારાના ભાગરૂપે લગ્ન પ્રસંગે રીતરીવાજો પ્રમાણેના ખોટા ખર્ચ બંધ થાય અને તેઓ સમૂહ લગ્ન કરતા થાય તે ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવેલ છે.

- આ યોજના અંતર્ગત અનુસૂચિત આદિજાતિ વિસ્તારમાં ઓછામાં ઓછાં પાંચ નવયુગલોનાં સમૂહ લગ્ન યોજવાના હોય છે. જે અંતર્ગત પ્રત્યેક યુગલને રૂ. ૫૦૦૦ના નર્મદા શ્રીનિધિના સર્ટિફિકેટ આપવામાં આવે છે, જે કન્યાના નામે હોય છે. તેમ જ સમૂહ લગ્ન કરાવનાર સંસ્થાને યુગલદીઠ રૂ. ૧૦૦૦ સહાય આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ તેમ જ વિકસતી જાતિના બીપીએલ કુટુંબના ઓછામાં ઓછાં દસ નવયુગલોના સમૂહ લગ્ન યોજવાના હોય છે. જે અંતર્ગત પ્રત્યેક યુગલને રૂ. ૫૦૦૦ના નર્મદા શ્રીનિધિના સર્ટિફિકેટ આપવામાં આવે છે. તેમ જ સમૂહ લગ્ન કરાવનાર સંસ્થાને યુગલદીઠ રૂ. ૧૦૦૦ સહાય આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત કુલ રૂ. ૯૦.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૧૦૫૧ યુગલોને લાભ આપવામાં આવેલ.**

**સંપર્ક : શહેરી - જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી, ગ્રામ્ય - જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી , આદિજાતિ વિકાસ/અનુસૂચિત જાતિ વિકાસ/ વિકસતી જાતિ (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર)**

## નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે આર્થિક સહાય યોજના

આ યોજના હેઠળ નિરાધાર વિધવા કે જેને ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર ન હોય તેવી વિધવાઓને માસિક રૂ. ૫૦૦ અને આધારિત સગીરવયનાં બે બાળકો સુધી બાળકદીઠ રૂ. ૮૦ની આર્થિક સહાય ચૂકવાય છે. આ સહાય વિધવા બહેનના પોસ્ટખાતામાં સીધી જમા થાય છે.

- વિધવા બહેનોના પુનઃસ્થાપન માટે ૧૮થી ૪૦ વર્ષની વયજૂથ ધરાવતી વિધવાઓને રાજ્ય સરકાર દ્વારા વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. તાલીમ બાદ પ્રમાણપત્ર મળ્યેથી માનવ ગરિમા યોજના અંતર્ગત રૂ. ૩૦૦૦ની મર્યાદામાં સાધન સહાય અથવા સ્વરોજગાર લોન માટે રૂ.૫૦૦૦ માર્જીન મની રૂપે સહાય આપવામાં આવે છે.
- આ ઉપરાંત વીમા યોજના અંતર્ગત વિધવા સહાયના લાભાર્થી દ્વારા પ્રતિમાસ રૂ.૧૫ ભરવાથી તેમના મૃત્યુ બાદ તેમનાં બાળકોને રૂ.૧ લાખનું વળતર મળે છે.

**વિધવા મહિલાઓની તાલીમ અને માર્જીન મની માટે વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ.૯૨૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વિધવા મહિલાઓને વિધવા સહાય અને વીમાનો લાભ આપવા માટે વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ. ૯૪૧૬.૬૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૧૦૯૮૩૫ વિધવાઓને વિધવા સહાય અને કુલ ૧૦૯૮૩૫ વિધવાઓને વીમા સહાયનો લાભ આપવામાં આવ્યો.**

**સંપર્કઃ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર)**

## વિકલાંગ વિધવાઓને મકાન બાંધકામ માટે આર્થિક સહાય યોજના

વિકલાંગ વિધવા મહિલાઓની સામાજિક સુરક્ષા માટે રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા દ્વારા બહેનોને મકાન બાંધકામ માટેની આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૪૦%થી વધુ વિકલાંગતા ધરાવતી અને ૧૮થી ૬૦ વર્ષની વયજૂથની મહિલાને રૂ.૪૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે.

**સંપર્ક : જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર)**

## ઈન્દિરા આવાસ યોજના

આ યોજનાનો હેતુ ગ્રામીણ વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા લોકોને પાકા મકાનની સુવિધા પૂરી પાડવાનો છે. આ યોજના હેઠળ લાભાર્થીને નવા મકાન તથા મકાન સુધારણા માટે આર્થિક સહાય આપવામાં આવે છે, જેમાં નવા મકાન માટે રૂ.૫૦,૫૦૦ની સહાય આપવામાં આવે છે તે સાથે શૌચાલય બનાવવા એકમ દીઠ રૂ. ૨૫૦૦ અલાયદા આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત બનાવેલ મકાનો મહિલાના નામે કરવા અને વૈકલ્પિક રીતે પતિ-પત્નીના સંયુકત નામે ફાળવવાનું ઠરાવેલ છે.

**આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ. ૩૭૨૨૨.૫૫ લાખ અને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૨૪૦૭.૮૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં આ યોજના અંતર્ગત કેન્દ્ર પુરસ્કૃત ૧૦૬૪૧૩ આવાસો અને રાજય પુરસ્કૃત ૬૫૨૮૬ આવાસો બાંધવામાં આવ્યા.**

**સંપર્ક : તલાટી / તાલુકા વિકાસ અધિકારી (ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર)**

## ઘરદીવડા યોજના

આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની ગ્રામ્ય અને શહેરી મહિલાઓને સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે પગભર થવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે વિવિધ વ્યવસાય/ઉદ્યોગ/વેપાર હેતુ બેંકેબલ લોન માટે બેંકોને રૂ.૫૦૦૦૦ સુધીની લોન માટેની ભલામણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ ધંધા ક્ષેત્ર માટે રૂ.૭૫૦૦, સેવાક્ષેત્ર માટે રૂ.૧૦૦૦૦ તથા ઉદ્યોગક્ષેત્ર માટે રૂ.૧૨૫૦૦ સુધીની વધુમાં વધુ સબસીડી આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૦૯-૧૦ માટે આ યોજના અંતર્ગત કુલ રૂ.૧૭૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૨૪૮૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ.**

**સંપર્ક : ફિલ્ડ ઓફિસરશ્રી, જિલ્લા સ્તરના મહિલા આર્થિક વિકાસ નિગમ**
**(મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**

## બકરા એકમ

મહિલાઓના આર્થિક વિકાસ માટે રાજય સરકાર દ્વારા ૧૦ બકરી અને ૧ બકરાનું એક એકમ આપવામાં આવે છે જેમાં ૫૦ ટકા સહાય એટલે કે રૂ.૧૮૦૦૦ સરકારી સહાય આપવામાં આવે છે. આ એકમ મહિલા લાભાર્થીને આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૩૭૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ.**

**સંપર્ક : નજીકના પશુ ચિકિત્સા અધિકારી, પશુ દવાખાના (કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર)**

## પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાન)

નારી ગૌરવ નીતિ-૨૦૦૬ના અમલીકરણના ભાગરૂપે સરકાર દ્વારા ગામે ગામ ચાલતી વાજબી ભાવની દુકાનોમાંથી નવી મંજૂર થનાર વાજબી ભાવની દુકાનો પૈકી ૫૦ ટકા દુકાનો સ્થાનિક સ્વસહાય જૂથને તથા ૫૦ ટકા શિક્ષિત બેરોજગારને ફાળવવાનું નક્કી કરેલ છે.

**કુલ ૧૬૪૧૦ સસ્તા અનાજની દુકાનોમાંથી ૩૫૧૦ દુકાનો સહકારી મંડળીઓને આપવામાં આવી છે. ૧૨૬૮ દુકાનો ખાનગી ધોરણે મહિલાઓને આપવામાં આવી છે.**

**સંપર્ક : જિલ્લા પુરવઠા અધિકારી (અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ, ગાંધીનગર)**

## માછલી વેચાણની યોજના

રાજ્યના બિન આદિવાસી વિસ્તાર, આદિજાતિ વિસ્તાર તથા અનુસૂચિત જાતિની પછાત મહિલાઓ માછલી વેચાણથી સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી માછલી વેચાણ માટેના જરૂરી સાધનો માટે સાધન સહાય આપવામાં આવે છે. આમાં ઇસ્યુલેટેડ બોક્સ માટે રૂ.૨૦૦૦/-, સાદા બોક્સ માટે રૂ.૧૦૦૦/- અને રેકડી યુનિટ માટે રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ૫૦%ના ધોરણે સહાય આપવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ.૩૧૯.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. સંપર્ક : જિલ્લા પશુપાલન અધિકારીની કચેરી (કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર)**

## મિલ્કતોની નોંધણી ફીમાંથી મુકિત

જો મહિલાના નામે મિલકત હોય તો તે તેના આત્મવિશ્વાસને વધારે છે અને ઘરેલુ હિંસા ઓછી થાય છે. મહિલાના નામે મિલ્કત થવાથી તેણીના સામાજિક સ્તરમાં પણ સુધારો થાય છે. આ યોજના અંતર્ગત જો ફકત મહિલાઓના નામે કોઈ પણ મિલકતની નોંધણી કરવામાં આવે તો તેની રજીસ્ટ્રેશન ફીમાંથી મુકિત મળે છે. હાલ સુધીમાં ૬.૬૪ લાખ મહિલાઓએ આનો લાભ લીધો છે અને રાજ્ય સરકારે રૂ.૧૭૯.૬૪ કરોડની કરમાફી આપેલ છે.

**સપ્ટેમ્બર-૨૦૦૯ સુધીમાં ૬.૬૪ દસ્તાવેજો મહિલાના નામે નોંધાયા જે માટે રાજય સરકારે રૂ. ૧૭૯.૬૪ કરોડની કરમાફી આપેલ છે.**

**સંપર્ક : સંબંધિત સબ રજિસ્ટ્રારની કચેરી (મહેસૂલ વિભાગ, ગાંધીનગર)**